પોલીસ ઇન્સ્પેક્ટરની કચેરી વટવા પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોનનં-૦૭૯-૨૫૭૧૦૦૭૪
પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર—૦૭૯-૨૫૬૨૭૫૧૦

======================================================

## <u>સારીકામગીરી</u>

## <u>સ્નેચીંગના ૯ મોબાઇલ ફોન સાથે એક આરોપીને પકડી પાડતી વટવા પોલીસ</u>

**આગામી આવતા જન્માષ્ટમી તહેવાર અનુસંધાને અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી એ.કે.સિંઘ સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી એમ.એસ.ભરાડા સાહેબ સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપીન આહિરે સાહેબ તથા મ.પો.કમી."જે" ડીવીઝન શ્રી આર.બી.રાણા સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સપેક્ટર એચ.વી.સીસારા સાહેબ નાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સંબધી ગુના શોધવા માટે સર્વેલંસ સ્કોડ પો.સ.ઇ.એમ.જી.પટેલ નાઓ નાઈટમા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.ભરતકુમાર દેવશીભાઇ તથા પો.કો.હરપાલસિંહ ઘંનશ્યામસિંહ નાઓની ચોક્કસ અને આધાર ભુત બાતમીના આધારે "વટવા વિંઝોલ રેલ્વે ફાટક પાસે પાસેથી આરોપી નામે સમીર ઉર્ફે બડા સ/ઓ યાસીનભાઇ જાતે-રંગરેજ ઉ.વ.૧૮ ધંધો.ગારમેંટનુ કામકાજ રહે.મ.નં.૨૦૧ જહાગીર નગર તસ્લીમ સોસાયટી ની આગળ સૈયદવાડી વટવા અમદાવાદ શહેર નાઓને તેઓની એક્સેસ નંબર જી.જે.૨૭.સી.કે.૮૧૯૪ ની ઉભી રખાવી એક્સેસ ગાડીની ડિકીમાથી તથા પોતાના કબ્જામાથી કુલ્લે અલગ અલગ કંપનીના ૯ મોબાઇલ ફોન કિ.રૂ.૧૦૩૫૦૦/- તથા એક્સેસ કી.રુ.૩૫,૦૦૦/- કુલ્લે કિ.રૂ.૧,૩૮,૫૦૦/- ની મતાના મુદ્દામાલ સાથે પકડી સદરી ૯ મોબાઇલ ફોન તથા એક્સેસ ધી CRPC ક્લમ ૧૦૨ મુજબ તપાસ અર્થે પંચનામા વિગતે કબ્જે કરી સદરી ઇસમને CRPC ક્લમ ૪૧(૧)(ડી) મુજબ તા.૧૯/૦૮/૨૦૧૯ ક્લાક ૦૪/૪૫ વાગે પકડી અટક કરી સદરી ઇસમની પૂછપરછ કરતા તેના મિત્ર નામે મેહમુદ નાસીરભાઇ અંસારે રહે.જહાંગીર નગર આમેના મસ્જીદ પાસે વટવા અમદાવાદ** બન્નેએ ઉપરોક્ત મોબાઇલ સ્નેચીંગ કરેલ હોવાનુ જણાવેલ.સદરી મળી આવેલ મોબાઇલ ફોન બાબતે **તપાસ કરાવતા અત્રેના પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૦૨/૨૦૧૮ ઇ.પી.કો. ક્લમ ૩૭૯(એ)(૩) , ફસ્ટ ૧૦૩/૨૦૧૯ ઇ.પી.કો. ક્લમ ૩૭૯(એ)(૩) મુજબના ગુના નોંધાયેલ હોઇ જે બે ગુના ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે.**

